# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-04-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## LPG - PNG કનેક્શન :

સરકારે જણાવ્યું છે કે દેશભરમાં પેટ્રોલ, ડીઝલ, LPG અને PNGનો પુરવઠો સામાન્ય રહેશે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ વિકાસ અંગે આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે, કોઈપણ LPG વિતરણ કેન્દ્ર પર પુરવઠાની અછતનો કોઈ અહેવાલ નથી અને બધા પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડીઝલ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. શ્રીમતી શર્માએ જણાવ્યું હતું કે LPG સિલિન્ડર ડિલિવરી પણ સરળતાથી ચાલુ છે, અને ઓનલાઇન LPG બુકિંગ લગભગ 96 ટકા સુધી પહોંચી ગયું છે

દરમ્યાન રાજ્યમાં પાઇપ્ડ નેચરલ ગેસ - PNG જોડાણમાં વધારો નોંધાયો.પહેલી માર્ચથી પાંચ એપ્રિલ સુધીમાં રાજ્યમાં 50 હજાર નવા ઘરેલું PNG જોડાણ અપાયા છે.

અમદાવાદમાં પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરોમાં પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમના વાઈસ પ્રેસિડેન્ટ દિપેન ચૌહાણે કહ્યું કે, રાજ્યમાં પૂરતા પ્રમાણમાં PNG ઉપલબ્ધ છે અને વધુમાં વધુ ઘરોમાં, ઉદ્યોગોમાં અને વ્યવસાયિક એકમોમાં PNG જોડાણ આપવા વિશેષ પ્રોત્સાહન અપાઈ રહ્યું છે, જેનો લાભ લેવા તેમણે નાગરિકોને અનુરોધ કર્યો છે.

---

## ગુજરાત ગેસ :

રાજ્યમાં ઔદ્યોગિક ગેસની અછતને લઈને ઉદ્યોગો બંધ થયા નથી.

સરકાર તરફથી ઉદ્યોગોને પ્રાથમિકતા મુજબ, ગેસ પૂરવઠો અપાઈ રહ્યો છે. અમદાવાદમાં પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો ખાતે રાજ્યની ગેસ સ્થિતિ અંગે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક કમિશનર કે. સી. સંપતે કહ્યું, રાજ્યમાં કુલ ચાર લાખથી વધુ ઔદ્યોગિક એકમોમાંથી માત્ર એક હજાર 200 જેટલા એકમો હાલ બંધ છે. જ્યારે 28 હજાર 500 જેટલા એકમો ઓછી ક્ષમતા સાથે ચાલી રહ્યા છે. તેમણે કહ્યું કે, જે ઉદ્યોગો બંધ થયા છે તે મોટાભાગે કાચામાલની અછત અને નિકાસ સહિતના અન્ય કારણોસર બંધ થયા છે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી :

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આગામી તારીખ ૨૬ એપ્રિલ ના રોજ યોજાનારી છે. આ ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત રીતે પાર પાડવા તેમજ મતદાન અને મતગણતરીના દિવસોએ વહીવટી સરળતા માટે ભુજ કલેક્ટર કચેરી ખાતે ખાસ 'જિલ્લા કંટ્રોલ રૂમ' કાર્યરત કરવામાં આવ્યો છે.

નાગરિકો જિલ્લા કંટ્રોલ રૂમ ખાતે ૦૨૮૩૨-૨૫૨૭૧૫ નંબર પર સંપર્ક કરી શકશે. આ ઉપરાંત, નાયબ મામલતદાર, રેકર્ડ શાખા, કલેકટર કચેરી, ભુજ, મોબાઈલ નંબર: ૮૪૬૦૪૬૯૫૮૮ તેમજ ૭૮૫૯૮૭૨૯૮૨ પર સંપર્ક કરી શકાશે તેમ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અને અધિક નિવાસી કલેક્ટરશ્રી ડી.પી. ચૌહાણ દ્વારા જણાવાયું છે.

દરમ્યાન જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જંગ માટે ઉમેદવારીપત્રક ભરવાના બીજા દિવસે જિલ્લામાં એક પણ ફોર્મ ભરાયું નહોતું. તંત્ર દ્વારા ઉમેદવારોએ પોતાનું ફોર્મ રજૂ કરી શકે એ માટે અલગ-અલગ 24 સ્થળે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નોંધનીય છે કે, જિલ્લા તંત્ર દ્વારા 42 મુખ્ય અને 49 મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે.

---

## હવામાન :

રાજ્યમાં આગામી 14 તારીખ સુધી સામાન્ય કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં ફેરફારની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ મહત્તમ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

દરમિયાન આવતીકાલે દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. માછીમારોને પણ આવતીકાલ સુધી દરિયો ન ખેડવાની સૂચના અપાઈ હોવાનું શ્રી દાસે વધુમાં જણાવ્યું.

દરમ્યાન, જીલ્લા મથક ભુજ સહિતના વિસ્તારોમાં ગઈ કાલે સરેરાશ ૧૫થી ૨૯ કિમીની ઝડપે પવન ફૂંકાતા ધૂળની ડમરી ઉડી હતી જેના કરને વાહન ચાલકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

---

## આઈ પી એલ :

આઈ પી એલની ૧૩મી મેચમાં ગઈ કાલે વરસાદના વિઘ્ન વચ્ચે રાજસ્થાન રોયલ્સને મુંબઈ ઇન્ડિયન્સને ૨૭રન થી હરાવીને આ સિઝનમાં સતત ત્રીજી જીત નોંધાવી હતી.

દરમ્યાન, આજે ગુજરાત ટાઇટન્સનો ત્રીજો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે આઈ પી એલની 14મી મેચનો આરંભ દિલ્હીમા અરુણ જેટલી સ્ટેડિયમ પર સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

---

## શોર્ય દિવસ :

શોર્ય દિવસની ઉજવણી અંતર્ગત આવતીકાલે ૯મી એપ્રિલે કચ્છ સરહદે સરદાર પોસ્ટ ખાતે કાર્યક્રમ યોજાશે.

CRPF જવાનોના અદ્ભુત સાહસ અને સમર્પણને યાદ કરવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ 09 એપ્રિલે સરદાર પોસ્ટ ખાતે શૌર્ય દિવસની રાષ્ટ્રીય ઉજવણી કરવામાં આવશે એમ CRPFની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------------------